**આંક–: ૦૬**

દાખલ તારીખ.૧૧–૦૧–૨૦૨૧
રજી. તારીખ. ૧૧–૦૧–૨૦૨૧
ફેસલ તારીખ. ૧૦–૦૩–૨૦૨૩
અવધિ :– વર્ષ માસ દિવસ

---

**દાહોદ જીલ્લાના મે. ચોથા એડી. ડિસ્ટ્રીકટ તથા સેશન્સ જજ**
**(શ્રી એમ.એ.મિર્ઝા) સાહેબની કોર્ટમાં,**
**મુ.લીમખેડા, જી. દાહોદ.**

---

**રેગ્યુલર સીવીલ અપીલ ન. ૦૧/૨૦૨૧**

(૧). પુષ્પાબેન તે ભીખાભાઈ ગણપતભાઈ નિમચીયા ની દિકરી

ઉ.વ.આ.૨૮, ધંધો–બેકાર

(૨) ઉષાબેન તે ભીખાભાઈ ગણપતભાઈ નિમચીયા ની વિધવા

ઉ.વ. ૫૫, ધંધો – ઘરકામ

બન્ને રહેવાસી –: બાંડીબાર, જુનો પોષ્ટ ઓફીસ સામે, તા.લીમખેડા,

જી. દાહોદ

::::::::::::: **એપેલન્ટો**

**વિ રૂ ધ્ધ**

(૧) **શ્રી સરકાર**
ઠે. ગાંધીનચર
(૨) કલેકટરશ્રી, જિલ્લા કલેકટર કચેરી,
દાહોદ.
(૩). જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી,
જિલ્લા પંચાયત, દાહોદ

(૪). તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારી,
તાલુકા પંચાયત, લીમખેડા, ::::::::::: **રીસ્પોન્ડન્ટો**

**બાબત: સિવીલ પ્રોસીજર કોડની કલમ–૯૬ મુજબ અપીલ.**

:::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::

| | | |
|---|---|---|
| એપેલન્ટ/અરજદાર તર્ફે | : | વિ.વ.શ્રી એન.એચ.સબરવાલ |
| રીસ્પોન્ડન્ટ તર્ફે | : | વિ.એ.પી.પી.શ્રી એસ.બી.ચૌહાણ |

:::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::

**:: ચુ કા દો ::**

(૧) મચકુર અપીલ એપેલેન્ટે દાહોદના પ્રિન્સીપાલ સીની. સીવીલ જજ કોર્ટના રે.મુ.ન. ૧૧૦/૨૦૧૬ નો દાવો દાખલ કરેલો જે ટ્રાન્સફર થઈ લીમખેડા કોર્ટમા આવતા લીમખેડા સીની. સીવીલ જજ, કોર્ટ ના દાવા ન. ૦૩/૧૮ થી દાખલ થયેલો જે દાવો ગુણદોષ ઉપર ચાલી જતા લીમખેડા સીની.સીવીલ જજશ્રીનાઓએ તા.૦૮/૧૨/૨૦૨૦ ના રોજ આંક–૬૧ થી હુકમ અને આંક–૬૨ થી હુકમનામુ જાહેર કરી વાદીનો દાવો ખર્ચ સહીત રદ કરી પ્રતિવાદીને થયેલ ખર્ચ ચુકવી આપવાનો હુકમ કરેલ હોય તે હુકમથી નારાજ થઈ મુળ વાદી એપેલેન્ટે હાલની આ ફર્સ્ટ અપીલ સીવીલ પ્રોસીઝર કોડની કલમ ૯૬ મુજબ દાખલ કરેલી છે.

(૨) સરળતા ખાતર એપેલેન્ટે મુળ વાદી તથા રીસ્પોન્ડન્ટને મુળ પ્રતિવાદી તરીકે સંબોધવામાં આવેલ છે.

(૩) મુળ વાદી દાખલ કરેલ દાવા ન. ૦૩/૧૮ ની વિગત જોઈએ તો વાદી ન. ૧ ના પિતા અને વાદી ન.૨ ના પતિ ગુજરનાર ભીખાભાઈ ગણપતભાઈ શિક્ષણ સમીતીના હુકમ આધારે મોજે લુખાવાડા તા.લીમખેડાની પ્રાથમિક શાળામાં શિક્ષક તરીકે ફરજ બજાવતા હતા અને ચાલુ ફરજ દરમ્યાન તા. ૧૫/૦૬/૯૬ ના રોજ તેઓનુ અવસાન થયેલ અને તે સમયે વાદી ન. ૧ આસરે ચાર-પાંચ વર્ષ ના હતા અને વાદી ના પરીવારને સામાજીક અને આર્થીક સ્થિતી નબળી હોવાના કારણે કોઈપણ જાતના માર્ગદર્શન વિના વાદી ન. ૧ બી.એ.બી.એડ સુધી અભ્યાસ કરી ઉર્તણ થયેલા અને ગુજરનાર તેમના પિતાશ્રીના વાદી ન. ૧ વારસદારોએ રહેમરાહે નોકરી મેળવવા હકકદાર હોવાથી અને તેમણે અભ્યાસ પુરો કરેલો હોય અને સગીરમાંથી પુખ્ય વયના થયેલ હોય પ્રતિવાદી ન. ૩ અને ૪ ને અરજી કરેલી, પ્રતિવાદી ન. ૩,૪ ધ્વારા વાદી ન. ૧ ને જણાવવામા આવેલ કે નોકરી દરમ્યાન અવસાન પામનાર વર્ગ-૩ અને વર્ગ-૪ માટે સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના પત્ર સાથે ઠરાવ મુકી ચાલુ નોકરી દરમ્યાન કર્મચારી અવસાન પામે તો તેના કુટુંબને નાંણાકીય સહાય પુરી પાડવામાં આવે છે ત્યારબાદ વાદી ન. ૧ નાએ તા.૦૫/૦૧/૧૬ તથા ૧૯/૦૨/૧૬ ના રોજ પ્રાથમિક શિક્ષણ અધિકારીના પત્ર અનુસંધાને ખુલાસો કરી ગુજરનાર ચાલુ નોકરી દરમ્યાન ગુજરી ગયેલા અને તે વખતે વાદી ન. ૧ સગીર હોય વારસદાર તરીકે નોકરી મેળવવા

વાદી ન. ૧ હકકદાર છે અને તેઓને કોઈ નાંણાકીય સહાય ચુકવવામા આવેલ ન હોય જેથી વાદીએ સદર દાવો દાખલ કરતા અગાઉ પ્રતિવાદી ન. ૨થી ૪ ને તા.૦૪/૦૪/૧૬ ના રોજ કાયદાકીય નોટીસ આપવામાં આવેલી તેમછંતા વાદીઓએ કોઈ નોકરી કે સહાય પુરી પાડેલ ન હોય ના છુટકે હાલનો દાવો દાખલ કરેલ.

(૪) સદર દાવાના કામે પ્રતિવાદી ન. ૧ અને ૨ નાઓ તરફે કોઈ જવાબ આપવામાં આવેલ નહી જેથી તેઓના જવાબનો હકક બંધ કરવામાં આવેલ, પ્રતિવાદી ન. ૩,૪ તરફે જે જવાબ રજુ કરેલો તેમાં એવી તકરાર ઉઠાવેલી કે માત્ર સમય મર્યાદામા વાદી ન. ૧ તરફે અરજી કરવામાં આવેલ ન હતી અને તેથી આવી ટેકનીકલ પ્રકારની ખોટી તકરાર ઉભી કરેલી છે.

(૫). ત્યારબાદ વિ.ટ્રાયલ કોર્ટે આંક–૧૬ થી કુલ છ મુદ્દા નીચે મુજબના ઉપસ્થિત કરેલા છે.

**<u>મુદ્દા</u>** (૧). શુ વાદી પુરવાર કરે છે કે તેમના પિતાજી પ્રાથમિક શિક્ષક તરીકે નોકરી કરતા હતા અને તેઓ ચાલુ નોકરી ઉપર તા.૧૫/૦૬/૯૬ ના રોજ અવસાન થયેલ છે ?

(૨) શુ વાદી પુરવાર કરે છે કે, તેઓ તેઓના પિતાના સ્થાને આશ્રીત તરીકે નોકરી તથા નાંણાકીય લાભ મેળવવા હકકદાર છે ?

(૩) શુ પ્રતિવાદી ન. ૩ અને ૪ પુરવાર કરે છે કે, વાદી ધ્વારા કાયદેસર નિયત કરવામાં આવેલ સમયમર્યાદા પુર્ણ થયા બાદ

પ્રતિવાદીની સંસ્થામાં અરજી કરેલ છે ?

(૪) શુ પ્રતિવાદી ન. ૩ અને ૪ પુરવાર કરે છે કે, વાદીને દાવાને સમયમયાર્દાનો બાદ મળે છે ?

(૫) શુ વાદી અરજીમાં માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર છે ?

(૬) શુ હુકમ અને હુકમનામુ

(૬).. ઉપરોકત મુદ્દા ઘડયા બાદ બન્ને પક્ષ તરફે નીચે મુજબ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો વિ.ટ્રાયલ કોર્ટ સમક્ષ રજુ કરવામાં આવેલ.

**વાદીનો મૌખિક પુરાવો :–**

– આંક–૨૩ થી વાદી ન. ૧ પુષ્પાબેન ભીખાભાઈ ની દિકરીની પુરાવા એફીડેવીટ

– આંક–૪૫ થી વાદી ન. ૨ ઉષાબેન ભીખાભાઈ ની વિધવાની પુરાવા એફીડેવીટ

– આંક–૫૧ સાહેદ લતાબેન ભીખાભાઈ નો પુરાવો એફીડેવીટ

**વાદીનો દસ્તાવેજી પુરાવો :–**

– આંક–૨૯ થી અરજદાર પુષ્પાબેને જિલ્લા શિક્ષણઅધિકારીને કરેલ અરજીની નકલ

– આંક–૩૦ થી ભીખાભાઈના મરણના દાખલાની નકલ

– આંક–૩૧ થી સ્કુલ લીવીંગ સર્ટી. ની નકલ

– આંક–૩૨ થી હાયરસેકન્ડરી બોર્ડ સ્કુલ સર્ટી. ની નકલ

– આંક–૩૩ થી બી.એ. સર્ટી.ની નકલ

- આંક–૩૪ થી બી.એડ. સર્ટી.ની નકલ
- આંક–૩૫ થી આર્થીક પછાતના દાખલાની નકલ
- આંક–૩૬ થી પુષ્પાબેને તાલુકા પ્રાથમિક શિક્ષણઅધિકારીને કરેલ અરજી ની નકલ
- આંક–૩૭ થી અરજીના જવાબની નકલ
- આંક–૩૮ થી માહીતી અધિકાર નીચે માહીતી માંગવાના પત્રક ના સ્ટેમ્પની નકલ
- આંક–૩૯ થી તા.પ./શિક્ષણ/મહમ/વશી/૧૪૪ નંબરની તાલુકા શાખા લીમખેડાએ પાઠવેલ પત્રની નકલ
- આંક–૪૦ થી અરજદારે પ્રાથમિક શિક્ષણ અધિકારી લીમખેડાને કરેલી અરજીની નકલ
- આંક–૪૧ થી કલમ ૮૦ મુજબ ની નોટીસની નકલ
- આંક–૪૨ થી નોટીસના જવાબની નકલ
- આંક–૪૩ થી સરકારશ્રીના ઠરાવની નકલ
- આંક–૫૩ થી કલોઝીંગ પુરસીસ

**પ્રતિવાદી ન. ૩ અને ૪ નો મૌખિક પુરાવો**

કોઈ મૌખિક પુરાવો રજુ કરેલ નથી. દસ્તાવેજી પુરાવા

- આંક–૨૪ સરકારશ્રીના તા.૧૦/૦૩/૦૦ના ઠરાવ ક્રમાંકની નકલ
- આંક–૨૫ થી સરકારશ્રીના તા.૦૭/૦૯/૨૦૦૨ ના ઠરાવ ક્રમાંક

ની નકલ

– આંક–૨૬ થી સરકારશ્રીના તા.૦૫/૦૭/૨૦૧૧ ના ઠરાવ ક્રમાંક ની નકલ

– આંક–૨૭ થી સરકારશ્રીના તા.૧૩/૧૦/૨૦૧૫ ના ઠરાવ ક્રમાંક ની નકલ,

– પ્રતિવાદી તરફે આંક–૫૪ થી કલોઝીંગ પુરસીસ. ત્યારબાદ વાદી તરફે આંક–૫૬ થી લેખીત દલીલ તથા તેઓએ કરેલ મૌખિક રજુઆત અને રજુ કરેલ ચુકાદાઓ અને પ્રતિવાદી તરફે આંક–૫૭ થી લેખીત દલીલ અને મૌખિક રજુ આતને ઘ્યાને લઈ વિ. ટ્રાયલ કોર્ટે આંક–૬૧ થી તા.૦૮/૧૨/૨૦૨૦ ના રોજ સદરહું હુકમ જાહેર કરી વાદીનો દાવો ખર્ચ સહીત રદ કરતો હુકમ પસાર કરેલ હોય તે હુકમ થી નારાજ થઈ નીચેના કારણોસર હાલની અપીલ ગુજારવામાં આવેલી છે અને રજુઆત કરવામાં આવેલી છે કે, વિ.ટ્રાયલ કોર્ટનો હુકમ બીલકુલ ખોટો અને ગે. કા. નો પુરાવા વિરુઘ્ધનો વાદી તરફે રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો અને આંક–૫૬ થી લેખીત દલીલોને ઘ્યાને લીધા સિવાય તેમજ કેસ લોનુ અર્થઘટન કર્યા સિવાય આપવામાં આવેલ છે. પ્રતિવાદી તરફે લાંબાગાળા બાદ નોકરી મેળવવા અરજી કરેલ હોવાની ખોટી તકરાર ઉભી કરેલી છે. ગુજરનાર ગુજરી ગયા ત્યારે વાદી ન. ૧ ની ઉમર ચાર–પાંચ વર્ષ ની હતી, વાદી ન. ૨ ને પણ સરકારશ્રીના પરીપત્રની કોઈ જાણકારી ન હતી કે તેવી જાણકારી તેમને આપવામાં આવેલ ન હતી

અને તે સંજોગોમાં સમયમચાર્દાનો કોઈ બાદ નડતો નથી. વધુમાં તા.૦૫/૦૭/૧૧ ના સરકારના ઠરાવ અનુસાર રહેમરાહે નોકરી આપવાનુ બંધ કરેલ છે અને નાંણાકીય ઉચ્ચક સહાય ની યોજના દાખલ કરેલી છે પરંતુ ગુજરનારનુ અવસાન ૧૯૯૬માં એટલે કે સને–૨૦૧૧ પહેલા થયેલ હોય વાદી નં. ૧ તે યોજનાનો લાભ મેળવવા હકકદાર હોય આ તમામ હકીકતો વિ.ટ્રાયલ કોર્ટે ઘ્યાને લીઘેલ નથી. સોંગદઉપરની હકીકતોને ઘ્યાને લીઘેલ નથી અને તે તમામ હકીકતોને ઘ્યાને લેતા વિ. ટ્રાયલ કોર્ટનો હુકમ ભુલ ભરેલો છે. વાદીએ પ્રતિવાદીઓને અરજી આપેલી છે. કલમ ૮૦ ની નોટીસ આપેલી છે પરંતુ તેના ખોટા અને ઉડાઉ જવાબો આપેલા છે. વિ.ટ્રાયલ કોટે તા.૧૦/૦૩/૨૦૦૦ ના ઠરાવ ક્રમાંક ભરત–૨૧૯૭ ક મુજબ ના ઠરાવના પેજ ન. ૧૦ ના પેરા ૧૧ (એ) મા દર્શાવ્યા મુજબ કર્મચારીનુ અવસાન થતા ની સાથે પરીશીષ્ટ–૨ હેઠળ રહેમરાહે નિમણુંક મેળવવા નિયત કરવામા આવેલ અરજી પત્રક આશ્રીત કુટુંબના સભ્યોને મોકલી આપવાનુ અને તેની તમામ વિગતો ભરી બાંહેઘરી સાથે એક માસમાં મેળવી લેવાની જવાબદારી જે તે વિભાગના ખાતાના વડાને સોપવામાં આવેલી છે. આવી કોઈ કાર્યવાહી જે તે વખતે તાલુકા પ્રાથમિક શિક્ષણ સમીતી લીમખેડા તરફથી કરવામાં આવેલ નથી અને તે હકીકત પણ વિ.ટ્રાયલ કોટે ઘ્યાને લીઘેલ નથી અને તેથી વિ. ટ્રાયલ કોર્ટનો હુકમ ભુલ ભરેલો હોય વિ.ટ્રાયલ કોર્ટનો હુકમ રદ કરી દાવા ન.૩/૧૮ નો દાવો મંજુર કરી વાદીના લાભમાં

હુકમનામુ કરી આપવા અરજ ગુજારેલ છે.

(૭).. ઉપરોકત હકીકતે અપીલ દાખલ થયા બાદ તેની નોટીસ રીસ્પો. ને કરવામાં આવેલી છે અને રીસ્પો. ન. ૩,૪ તરફે વિ..વશ્રી. પી.જે.જૈન હાજર થયેલા છે. વિ.ટ્રાયલ કોર્ટેનુ રેકર્ડ મંગાવી કામ સાથે સામેલ રાખવામાં આવેલ છે

(૮).. મુળ વાદી તરફે ના વિ.વ.શ્રી. સબરવાલ તેમની દલીલમાં જણાવે કે વિ.ટ્રાયલ કોર્ટે પડેલ પુરાવાનુ યોગ્ય મુલ્યાંકન કરવામાં ભુલ કરેલી છે. વિ.ટ્રાયલ કોટે નિયમ સમયમયાર્દામાં અરજી કરેલ નથી અને મુદૃા ન. ૪ નો જવાબ હકારમાં ઠરાવવામા ભુલ કરેલી છે. તેઓએ ભારપુર્વક દલીલ કરેલી છે કે, ગુજરનારનુ મૃત્યુ થયુ ત્યારે વાદી ન. ૧ ચાર–પાંચ વર્ષના સગીર હતા તે હકીકત નિર્વિવાદ છે વળી સરકારશ્રીના સને–૨૦૦૦ ના પરીપત્ર મુજબ જયારે કોઈ કર્મચારી ફરજ દરમ્યાન મૃત્યુ પામે ત્યારે જે તે ખાતાના વડાએ તેવા ગુજરનાર કર્મચારીના આશ્રીંત ને સરકારશ્રીની રહેમરાહે નોકરી મેળવવા બાબતેના અરજી પત્રકો મોકલી તે ભરાવડાવી બાંહેધરી પત્ર કરી સરકારશ્રીમાં મોકલવાની ફરજ છે. હાથ પરના કિસ્સામાં આવી કોઈ કાર્યવાહી પ્ર ાથમિક વિભાગ, તાલુકા લીમખેડા તરફથી કરવામાં આવેલી નથી અને વાદી ન. ૧ પુખ્ત વયના થયા બાદ જરૂરી લાયકાત ધારણ કર્યા બાદ તેઓએ તરત જ અરજીઓ કરેલી છે અને તેનો ખોટો જવાબ આપી ખોટી રીતે લીમીટેશનનો ઈસ્યુ ઉભો કરેલો છે. ખરેખર સગીરને

લીમીટેશન લાગુ પડે નહી અને તેથી પણ વિ.ટ્રાયલ કોર્ટે ભુલ ભરેલો હુકમ હોય તે હુકમ રદ કરવા ભારપુર્વક રજુઆત કરેલી છે તેઓએ તેમના દલીલના સંદર્ભમા ૨૦૦૪ (૧) જી.એલ.આર.પાના ન. ૫૩૨ ઉપરનો બાબુભાઈ ભગવાનજી મહેતા વિ. સ્ટેટ ઓફ ગુજરાત નો ચુકાદો. ૨૦૦૨ (૩) જી.એલ.આર. પાના ન. ૨૨૫૬ પરનો પોપટ ખીમા રામાણી વિ. કલેકટર રાજકોટનો ચુકાદો રજુ કરેલ છે.

(૯).. જયારે રીસ્પો. તરફે દલીલ કરવા માટે કોઈ ઉપસ્થિત રહેલ નથી.

(૧૦).. જયારે ફસ્ટ અપીલ નિર્ણીત કરવાની હોય ત્યારે ફસ્ટ અપીલ નિર્ણીત કરતી વખતે એપેલેન્ટ કોર્ટે કેટલી ક ખાસ બાબતો ઘ્યાને લેવાની રહે છે. જે બાબતે ના. સર્વોચ્ચ અદાલત તથા ના. વડી અદાલતે અનેક વિવિઘ ચુકાદાઓમા કેટલાક માર્ગદર્શક સિંઘ્ધાંતો પ્રસ્થાપિત કરેલા છે. તે પૈકીના કેટલાક કેસ લો અહી ટાંકવા જરૂરી બની જાય છે જે નીચે મુજબ છે.

In the case of B. V. Nagesh and another vs. H. V. Sreenivasa Murthy JT (2010) 13 SCC 530, Hon'ble the Apex Court has held as under :- "The appellate Court has jurisdiction to reverse or affirm the findings of the trial Court. The first appeal is a valuable right of the parties and unless restricted by law, the whole case therein is open for re-hearing both on questions of fact and law. The judgment of the appellate Court must, therefore, reflect its conscious application of mind and record findings supported by reasons, on all the issues arising along with the contentions put-forth and pressed by the parties for decision of the appellate Court. Sitting as a court of appeal, it was the duty of the High Court to deal with all the issues and the evidence led by the parties before recording its findings. The first appeal is a valuable right and the parties have a right to be heard both on questions of law and on facts and the judgment in the first appeal must address itself to all the issues of law and fact and decide it by giving reasons in support of

the findings." [Vide Santosh Hazari v. Purushottam Tiwari (2001) 3 SCC 179 and Madhukar and Ors. v. Sangram and Ors. (2001) 4 SCC 756].

In the case of H. Siddiqui (Dead) by Lrs. vs. A. Ramalingam (2011) 4 SCC 240, while interpreting the Order 41 Rule 31 CPC, Hon'ble the Apex Court has held as under :-

" The said provisions provide guidelines for the appellate court as to how the court has to proceed and decide the case. The provisions should be read in such a way as to require that the various particulars mentioned therein should be taken into consideration. Thus, it must be evident from the judgment of the appellate court that the court has properly appreciated the facts/evidence, applied its mind and decided the case considering the material on record. It would amount to substantial compliance of the said provisions if the appellate court's judgment is based on the independent assessment of the relevant evidence on all important aspect of the matter and the findings of the appellate court are well founded and quite convincing. It is mandatory for the appellate court to independently assess the evidence of the parties and consider the relevant points which arise for adjudication and the bearing of the evidence on those points. Being the final court of fact, the first appellate court must not record mere general expression of concurrence with the trial court judgment rather it must give reasons for its decision on each point independently to that of the trial court. Thus, the entire evidence must be considered and discussed in detail. Such exercise should be done after formulating the points for consideration in terms of the said provisions and the court must proceed in adherence to the requirements of the said statutory provisions."

(૧૧)... ઉપરોકત ચુકાદાના પ્રસ્થાપિત સિંધ્ધાંતો અનુસાર હાથ પરના કેસને નિર્ણીત કરતા નીચે મુજબના કેટલાક મહત્વના મુદ્દાઓ મારા મતે ઉપસ્થિત થાય છે.

મુદ્દા ન. (૧). શુ વાદી પુરવાર કરે છે કે, તેઓ પુખ્ત થતાની સાથે જ

નોકરી મેળવવા અંગેની જરૂરી લાયકાત ધરાવતા હતા ?

(૨) શુ વાદી પુરવાર કરે છે કે, તેઓએ નિયમ સમયમા અરજી કર્યા હોવાછંતા પ્રતિવાદીઓએ સરકારશ્રીના વખતોવખતના નિતિનિયમો મુજબ વાદીઓને મળવાપાત્ર લાભો ચુકવી આપેલ નથી ?

ઉપરોકત બન્ને મુદ્દાઓનો મારો નિર્ણય નીચે મુજબ છે.

મુદ્દા ન. ૧ નકારમા

મુદ્દા ન. ૨ નકારમા

(૧૨).. આ કામે વિ. ટ્રાયલ કોર્ટનુ રેકર્ડ, રજુ થયેલા પુરાવાઓ, અપીલના કારણો અને વિ.વ.શ્રીની દલીલ તથા તેમણે રજુ કરેલ કેસ લો ને ઘ્યાને લેતા એ હકીકત છે કે, ગુજરનાર ગુજરતી વખતે એટલે કે તા.૧૫/૦૬/૧૯૯૬ ના રોજ પ્રાથમિક શિક્ષણ સમીતી લીમખેડા ખાતે શિક્ષક તરીકેની ફરજ બજાવતા હતા અને ચાલુ ફરજ દરમ્યાન તેઓ અવસાન પામેલા છે અને આ કામના વાદીઓ ગુજરનારના આશ્રીતો છે. હવે આ બાબતે રજુ થયેલા પરીપત્ર જોવામા આવે તો સૌપ્રથમ આંક–૨૪ થી રજુ થયેલ સરકારશ્રીનો તા.૧૦/૦૩/૦૦ નો પરીપત્ર જોવામા આવે તો તેના પેરા –૨ ની અંદર રહેમરાહે નિમણુંકો આપવાની આ સુધારેલી યોજનાઓ અને તેની સંકલીત સુચનાઓ આ ઠરાવની તારીખ પછી અવાસાન પામનારાના કેસોમા લાગુ પડશે જયારે તે પહેલાના કેસમા જે તે સમયે પ્રર્વતમાન સુચનાઓ લાગુ

પડશે. ઉપરોકત હકીકતને સીધીસાદી ભાષામાં સમજવામાં આવે તો તે સ્પષ્ટ થાય છે કે, તા.૧૦/૦૩/૦૦ નો ઠરાવ એ તા.૧૦/૦૩/૨૦૦૦ પછીના અવાસાન પામેલ કર્મચારીના કિસ્સામા લાગુ પાડી શકાય અને હાથ પરના કિસ્સામાં ગુજરનારનુ મૃત્યુ એ તા.૧૫/૦૬/૯૬ના રોજ થયેલુ છે. એટલે કે આંક–૨૪ વાળો ઠરાવ વાદીના કેસને મદદરૂપ થઈ શકે તેમ નથી. હવે સવાલ એ ઉભો થાય કે આ ઠરાવ પહેલા ની શુ સ્થિતી હતી તો તે હકીકત પણ આ ઠરાવનો પ્રથમ ભાગ વંચાણે લેતા ધ્યાનમા આવે છે  અને તે મુજબ તા.૧૩/૧૦/૭૫ ના પત્ર ક્રંમાંક ભરત–૧૧૭૩–યુ.ઓ.–૧૩૬૯–ક હેઠળ સૌપ્રથમ અમલમા લાવવામા આવેલો. આ ઠરાવ અત્રેની અદાલતમાં રજુ કરવામાં આવેલ નથી.

(૧૩).. ઉપરોકત હકીકતને બાજુએ રાખીએ તો પણ આંક–૨૪ વાળો ઠરાવ જોવામા આવે તો પરિશીષ્ટ–૧ મા આશ્રીત કુટુંબના સભ્યો કોણ ગણાશે તેવા કોલમની અંદર અવાસાન પામેલ કર્મચારીના કાયદેસરના પત્ની કે પતિ પુત્ર કે અપરણી પુત્રી નો સમાવેશ થાય છે. આજ પરીપત્રના પેજ ન. ૧૦ ના પેરા– ૧૧ ઉપર વાદીના વકીલશ્રી આધાર રાખી જે દલીલ કરી રહયા છે તેમાં અવાસાનના એક માસની અંદર આવા અરજી પત્રકો મોકલવાના નકકી કરવામાં આવેલ છે. આ બાબતે વાદીન. ૧ તરફ થી એવી રજુઆત કરવામાં આવેલી છે કે, જે તે વખતે તેઓ સગીર હતા અને તેથી તેઓને આ બાબતનો ખ્યાલ ન હતો પરંતુ વાદી ન. ૨

સગીર ન હતા એટલુ જ નહી પરંતુ આ પરીપત્ર ની અંદર અરજી કરવાની સમય મર્યાદા આ પરીપત્રના પેજ –૮ ઉપર પેરા ૮માં કરવામાં આવેલી છે અને તેમાં સબંધીત કર્મચારીના અવસાન પછી ત્રણ માસ બાદ કરવામાં આવેલી અરજી કોઈપણ સંજોગોમાં વિચારણામાં લેવામા આવશે નહી તેવુ સ્પષ્ટ ઠરાવેલ છે. તેમજ શૈક્ષણિક લાયકાત બાબતે પણ આ પરીપત્રમા એવો નિયમ કરવામાં આવેલો છે કે ધોરણ–૦૪ થી ૦૯ ની શૈક્ષણિક લાયકાત ધરાવનાર વ્યકિત વર્ગ–૪ ની નોકરી મેળવવા તેમજ કોઈપણ શૈક્ષણિક લાયકાત ધરાવતા ન હોય તેવા આશ્રીત વર્ગ–૪ ની હમાલ, સ્વીપર, પાણીવાળા, સફાઈ કામદાર જેવા હોધ્દા ઉપર નિમુંણક મેળવી શકે. આમ વાદી ન. ૧ સગીર હતા પરંતુ વાદી ન. ર ઉપરોકત વર્ગ–૪ ની જગ્યા ઉપર તેઓ ઈચ્છતા તો નોકરી મેળવી શકયા હોત પરંતુ તેઓએ કલોઝ –૮ ના પરતુંકમા જણાવેલ નિયમ સમયમા અરજી કરેલ નથી અને તે સંજોગોમાં વાદી તર્ફેના વિ.વ.શ્રીની ઉપરોકત દલીલ ગ્રાહય રાખી શકાય તેમ નથી.

વળી વાદી ન. ૧ જયારે અરજી કરી ત્યારે ગુજરનારના આશ્રીતમા સમાવીષ્ટો થતા હતા કે કેમ તે બાબતે તેઓની ઉલટતપાસ જોઈએ તો મારા પતિનુ નામ પ્રકાશભાઈ રાઠોડ છે. મને લગ્ન જીવનથી સંતાન થયેલ નથી. મારા લગ્ન સને ર૦૧૪માં થયા છે. સને ર૦૦૯ ની સાલમાં મને ૧૮ વર્ષ પુર્ણ થયેલા મે રહેમરાહે નોકરી મેળવવા સૌપ્રથમ તા.ર૪/૦૮/ર૦૧પ ના રોજ અરજી કરેલી છે. આમ

ઉપરોકત વાદી ન. ૧ ની ઉલટતપાસમાં એડમીશન જોવામા આવે તો વાદી ન. ૧ નાએ સૌપ્રથમ સને ૨૦૧૫મા અરજી કરી ત્યારે તેઓ પરણીત હતા તેમના લગ્ન ૨૦૧૪માં થઈ ગયેલા અને તે સંજોગોમાં જયારે અરજી કરી ત્યારે વાદી ન. ૧ ગુજરનારના આશ્રીતની વ્યાખ્યામા સમાવીષ્ટ થતા નથી કારણકે ઉપર ચર્ચા કરી તે મુજબ સને ૨૦૦૦ ના પરીપત્ર મુજબ ગુજરનારના આશ્રીતની વ્યાખ્યામા પરણીત પુત્રીનો સમાવેશ થયેલો નથી અને તે સંજોગોમા પણ વાદી ન. ૧ રહેમરાહે નોકરી મેળવવાની કાયદેસર હકક ધરાવતા નથી.

વધુમાં વિ. ટ્રાયલ કોર્ટે તેના ચુકાદામા તમામ હકીકતોને વિગતવાર આવરી લીધેલી છે અને સદર પરીપત્રના કલોઝ-૮ મુજબ ત્રણ માસની અંદર અરજી કરવામાં આવેલ નથી. સગીર દિકરી પણ પુખ્ય વયની થયા બાદ છ વર્ષ પછી અરજી દાખલ કરેલી છે અરજી કરી ત્યારે દિકરીના લગ્ન થઈ ગયેલા છે અને તે તમામ હકીકત જોતા વિ.ટ્રાયલ કોર્ટે પુરાવા અધિનિયમની કલમ ૧૧૫ તથા લીમીટેશનની એકટની જોગવાઈઓ તેમજ સદર પરીપત્ર ના કલોજ ન. ૮ મા દર્શાવેલ સમય મયાદાની હકીકતોને ઘ્યાને લઈ યોગ્ય રીતે મુદ્દા ન. ૨ નો જવાબ નકારમા તથા પ્રતિવાદી તરફે ના મુદ્દા ન. ૩,૪ નો જવાબ હકારમા ઠરાવેલ છે. તેમાં કોઈ હસ્તાક્ષેપને અવકાશ જણાતો નથી તેમજ આ કોર્ટ ધ્વારા પણ ઘડવામાં આવેલા ઉપરોકત બન્ને મુદ્દાઓ રજુ થયેલ પુરાવાઓની મુલવણી કરતા વાદી પરીપુર્ણ કરી શકેલ નથી અને તે

સંજોગોમા તેનો જવાબ નકારમા ઠરાવેલ છે. વાદી તરફે રજુ થયેલા કેસ લો અને તેમાં પ્રસ્થાપિત કરેલા સિંધાતોને હાથ પરના કેસને સહેજ પણ મદદરૂપ થતા નથી. આમ સમગ્ર રીતે જોતા વિ.ટ્રાયલ કોર્ટે તેની સમક્ષ પડેલ તમામ પુરાવાઓનુ યોગ્ય અર્થઘટન કરેલ છે કાયદાની હકીકતોનુ તેમજ રજુ થયેલ પરીપત્રોને યોગ્ય રીતે મુલવેલ છે અને તે સંજોગોમાં વિ.ટ્રાયલ કોર્ટના ચુકાદામા કોઈ ક્ષતિ કે ગેરકાદેસરતા જણાતી ન હોય હાલની અપીલ ગ્રાહય રાખવાને પાત્ર ઠરતી ન હોય અને વિ.ટ્રાયલ કોર્ટનો હુકમ યોગ્ય, વ્યાજબી અને ન્યાયોચિત હોય આ અપીલ નામંજુર કરતો નીચે મુજબનો આખરી હુકમ ફરમાવુ છુ.

**:: આખરી હુકમ ::**

- એપેલેન્ટ/મુળ વાદીઓ ની હાલની સી.પી.સી.કલમ ૯૬ મુજબની અપીલ આથી નામંજુર કરવામા આવે છે
- વિ. સીની. સીવીલ જજ લીમખેડા નાઓએ દાવા ન.૩/૧૮ ના કામે તા.૦૮/૧૨/૨૦૨૦ ના રોજ આપેલ હુકમ અને હુકમનામુ આથી કાયમ કરવામાં આવે છે.
- એપેલેન્ટે પોતાનો ખર્ચ જાતે ભોગવવો અને રીસ્પો.ને થયેલ ખર્ચ ચુકવી આપવો.
- હુકમ મુજબ હુકમનામુ દોરવુ.
- ના. નીચલી કોર્ટનુ રેકર્ડ આ હુકમની નકલ સાથે પરત મોકલી આપવુ.

- હુકમ આજ તા.૧૦ મી, માહે–માર્ચ સને ૨૦૨૩ના રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તા. ૧૦/૦૩/૨૦૨૩
લીમખેડા, (જી.દાહોદ.)

**(મોહંમદહનીફબેગ અકબરબેગ મિર્ઝા)**
ચોથા એડીશ્નલ સેશન્સ જજ, દાહોદ.
મુ. લીમખેડા, જી.દાહોદ.
CODE NO. GJ00713